રાજ્ય સરકારની નોકરીઓમાં મહિલાઓ
માટે અનામત જગાઓ રાખવા બાબત...

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ક્રમાંક:સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬/૮/૯૭.

સંદર્ભ:-

(૧) સા.વ.વિભાગનો તા.૮.૩.૯૬નો ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૧૮૫-૨૭૭૪-ગ.૨
(૨) સા.વ.વિભાગનો તા.૨૧.૨.૯૭નો ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૧૮૫-૨૭૭૪-ગ.૨
(૩) સા.વ.વિભાગની તા.૯.૪.૯૭ની અધિસૂચના ક્રમાંક:જીએસ-૯૭(૧૩)-સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ.૨
(૪) સા.વ.વિભાગની તા.૯.૪.૯૭ની અધિસૂચના ક્રમાંક:જીએસ-૯૭(૧૪)-સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ.૨
(૫) સા.વ.વિભાગનો તા.૨૨-૫-૯૭નો પરિપત્ર ક્રમાંક:સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ.૨

પરિપત્ર :-

મહિલાઓ માટે રાજ્ય સરકારની સેવાોમાં રાખવામાં આવેલ અનામત તથા મહિલાઓની ભરતીમાં ઉપલી વય-મર્યાદામાં છૂટછાટ આપવા અંગે કેટલાક મુદ્દા ઉપસ્થિત થયા હતા અને ઉપસ્થિત થયેલ મુદ્દાઓની સ્પષ્ટતા આ વિભાગના તા.૨૨.૫.૯૭ના સંદર્ભમાં જણાવેલ પરિપત્રથી કરવામાં આવેલ છે. આ બાબતે વધુ કેટલાક મુદ્દા સરકારશ્રી સમક્ષ ઉપસ્થિત થયા છે, જેની કાળજીપૂર્વક વિચારણાને અંતે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે:-

| અ.નં. | મુદ્દો | સ્પષ્ટીકરણ |
|---|---|---|
| ૧. | અનુસૂચિત જાતિ/જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને ઉપલી વય-મર્યાદામાં પાંચ વર્ષ સુધી છૂટછાટ મળવાપાત્ર છે. આ જાતિની મહિલાઓને તે પાંચ વર્ષની છૂટછાટ ઉપરાંત તા.૯.૪.૯૭ના હુકમોથી મળવાપાત્ર ઉપલી વય-મર્યાદામાં બીજા પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે કે કેમ? | હા.જી. |
| ૨. | સા.વ.વિભાગના તા.૮.૩.૯૬ અને તા.૨૧.૨.૯૭ના ઠરાવથી લાયકાત ધરાવતા બેરોજગાર ઉમેદવારોને નોકરીની તક પૂરી પાડવા માટે બિન-રાજયપત્રિત જગા પર નિમણૂક માટે ઉપલી વય-મર્યાદામાં ત્રણ વર્ષની છૂટછાટ આપવામાં આવી છે. મહિલાઓના કિસ્સામાં તેઓને તા.૯.૪.૯૭ના હુકમોથી ઉપલી વય-મર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત ઉપર મુજબ બીજા ત્રણ વર્ષની છૂટછાટ આપવાની થશે કે કેમ? | હા.જી. |

૨...

૫૫૩૦

3. માજી સૈનિક અને શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓને વય-મર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત તા.૯.૪.૯૭ના હુકમોથી મળવાપાત્ર ઉપલી વય-મર્યાદામાં છૂટછાટ મહિલાઓના કિસ્સામાં મળવાપાત્ર થાય કે કેમ? — હા.જી.

---

ઉપર મુજબની ઉપલી વય-મર્યાદામાં કુલ છૂટછાટ જે તે ઉમેદવારોની વય-૪૫ વર્ષથી વધે નહિ તેટલે સુધી મળવાપાત્ર થશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવે છે.

૨. ઉપરોકત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા સચિવાલયના સર્વે વિભાગો/ખાતા/કચેરીના વડાઓને જણાવવામાં આવે છે. વધુમાં, આ સૂચનાઓ રાજય સરકારના નિયંત્રણ હેઠળના બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટી વગેરેના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્તપણે પાલન કરવા અંગે સંબંધિત વિભાગોએ આથી સૂચનાઓ આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.કે.જોષી)
સંયુકત સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
× રજિસ્ટારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત સિવિલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો (પાંચ નકલ)

15 SEP 19